February 2021

PRABHAT EDUCATION FOUNDATION

Issue No. 15

# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

## અમારા વિશે

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિતવર્ગના સ્પેશિયલ નીડ બાળકો સાથે કામ કરે છે. પ્રભાત બાળકો અને પુખ્ત વયે માનસિક અને શારીરિક પડકારોની સેવા કરે છે, તેમની સંપૂર્ણ સંભાવના પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.સંસ્થા ૩ પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે:-પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન, એડવોકેસી દ્વારા નેટવર્કિંગ. પ્રભાતે એક બાળક સાથે કામ શરૂ કર્યું હતું અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશેષ જરૂરિયાતો ધરાવતા 3000 થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.

## અનુભવો...

પ્રભાત સંસ્થાના CBR ટીમ દ્વારા 2015માં શાહવાડીના દરેક ઘરના સર્વે કરવામાં આવ્યા. જેમાં અંકિત નામના એક બાળક અંગે જાણવામાં આવ્યું કે તેને જન્મથી આંખમાં વિઝન પ્રોબ્લેમ છે. અને તેની આંખ માટે મુંબઈના ડોક્ટરને બતાવવામાં આવ્યું, તેમના કહેવા મુજબ બાળકની આંખની દ્રષ્ટિ આવશે અથવા ઓપરેશન કરવું પડશે. અંકિતના માતા-પિતા શાકભાજીની લારી ચલાવે છે. ઘરની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી અંકિતની એજ્યુકેશન ફી ભરી શકે તેમ નથી. જેના કારણે બાળક શાળાએ જઈ શક્યો નથી. ત્યારબાદ CBR ટીમ દ્વારા બાળકનું એડમિશન વંદે-માતરમ શાળા કરાવવામાં આવ્યું. બાળકને પેન્સિલ પકડવી, શરીરના અંગોની જાણકારી, બારાક્ષરી જેવી સામાન્ય જાણકારીની સમજ નહતી. શાળાના પ્રિન્સીપાલ સાથે સંસ્થાની CBR ટીમના મેમ્બર હાર્દિકભાઈ [હું] તથા કેયુરભાઈએ બાળકના ઘરની આર્થિક પરિસ્થિતિ અંગે વાત કરી અને બાળકની ફી સંસ્થા દ્વારા ભરવામાં આવી. અંકિત સ્વભાવે શાંત, સભ્ય અને સેન્સીટીવ હોવાથી ભણતર પર ધ્યાન આપે છે. હું અંકિતને પેન્સિલ કઈ રીતે પકડવી, આઈ-હેન્ડ કોર્ડીનેશન કરતા શીખડાવવું, આડી-ઉભી લાઈન કરાવવી, બારાક્ષરી ઘુંટાવવી જેવી પ્રવૃતિઓ કરાવવા લાગ્યો. બાળકને ભણવું ગમતું હોવાથી પેન્સિલ પર પકડ અને આઈ-હેન્ડ કોર્ડીનેશન વધુ સારું બનતું ગયું અને ખૂબ જ સરસ રીતે લખતા પણ શીખી ગયો.

ત્યારબાદ અંકિતને પાયાનું શિક્ષણ આપવાની શરૂઆત કરી. બાળક ધીમે-ધીમે આગળના ધોરણમાં જતો ગયો. મારા તથા કેયુરભાઈના પ્રયત્ન દ્વારા બાળક પોતાનું નામ, ઘરનું સરનામું, માતા-પિતાની માહિતી તથા શાળાના નોર્મલ બાળકોને શીખવવામાં આવતા વિષયો જેવા કે ગણિત, વિજ્ઞાન, હિન્દી, ગુજરાતી પણ સરળતાથી શીખતો અને ભણતો થઇ ગયો. આજે સંસ્થાના સફળ સ્કૂલ એડમિશન દ્વારા અંકિત 6 ધોરણમાં અભ્યાસ કરે છે અને બાકીના સમયમાં પોતાના માતા-પિતાને મદદ પણ કરે છે. શાળાના પ્રિન્સિપાલના કહ્યા અનુસાર,"જો સંસ્થા દ્વારા બાળકની ફી ન ભરવામાં આવી હોત તો કદાચ આજે આ બાળક શાકભાજીની લારી અથવા ચાની કીટલી પર મજૂરી કરતો હોત. આજે અંકિત શાળામાં આવે છે તે પ્રભાત સંસ્થાએ કરેલ મદદ દ્વારા શક્ય બન્યું છે." અંકિત ખુશીથી સ્કૂલે આવે છે અને શાળામાં અભ્યાસ કરે છે.

પોતાના બાળકની પ્રગતિ જોઈ અંકિતના માતા-પિતા સંસ્થાનો આભાર માને છે. અંકિતની પ્રગતિથી વંદે-માતરમ સ્કૂલ, હું અને પ્રભાત સંસ્થા ખુશીની અનુભૂતિ કરીએ છીએ!





By:- Hardik Chavda
Special Educator

પ્રેરણાત્મક સ્ટોરી

"कर रहा है वो दुनिया में नाम रोशन,
क्योकि वो दिव्यांग है लाचार नहीं।"

"સામાન્ય માણસ ન કરી શકે, પરંતુ હું કરી શકું." આ આપણા રેખાબેનની અદ્ભુત ભાવના છે! રેખાબેન કે જે સંસ્થાના લાંભા વૉર્ડમાં ઈન્દીરાનગર-1 ક્લસ્ટરમાં લીડર તરીકે કાર્યરત છે. તેઓને ઓર્થોપેડીક લકવો હોવાથી ચાલવામાં ખૂબ તકલીફ હોવા છતાં સમાજસેવા માટે હંમેશા તત્પર રહે છે. રેખાબેન 2 બાળકોના માતા છે. રેખાબેનના પતિને પણ ઓર્થોપેડીક લકવો છે. તેમ છતાં તેઓ રીક્ષા ચલાવે છે. રેખાબેન દિવ્યાંગ હોવા છતાં પણ સિલાઈકામ કરે છે તે ઉપરાંત દૂધ, દહીં, નાસ્તાના પેકેટ્સ અને શાકભાજી પણ વહેંચે છે. તેઓ પાસે સમયનો અભાવ હોવા છતાં પોતાના કામમાંથી સમય કાઢી પ્રભાત સંસ્થાને મદદરૂપ બને છે. સંસ્થા દ્વારા કરવામાં આવતા પ્રોગ્રામમાં હંમેશા પોતાનો અમૂલ્ય ફાળો આપે છે. રેખાબેન લાંભા વિસ્તારમાં રહેતા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતાં બાળકો/વ્યકિતઓને મળતી સરકારી વિવિધ જરૂરિયાતો, સુવિધાઓ જેવી કે મેડિકલ સર્ટિફીકેટ, રેલવે પાસ, એ.સ.ટી. પાસ વગેરેની જાણકારી તેઓ સુધી પહોંચાડવાનું કાર્ય કરે છે. સંસ્થા દ્વારા મહિલાના માસિકચક્ર [મેન્સ્ટ્રુએશન] અવેરનેસ પ્રોગ્રામમાં તેઓ મહિલાઓને જાણકારી આપી પ્રોગ્રામમાં લઈ આવ્યા હતા. આવી રીતે પોતે સંસ્થાને મદદરૂપ થાય છે.

ખરેખર, રેખાબેન સંસ્થા અને આપણાં જેવા સામાન્ય માણસો માટે પ્રેરણાદાયી વ્યકિતત્વ છે. વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા રેખાબેન પ્રભાત સંસ્થાનું એક અભિન્ન અંગ છે. રેખાબેન જેવા લીડર દ્વારા કરવામાં આવતા કાર્ય પ્રશનીય છે. સંસ્થા તેમને સલામ કરીને હૃદયપૂર્વક આભાર માને છે!

By: - Kishorbhai Vaghela
Special Educator






https://www.youtube.com/channel/UCe1oxuBWMDvyCRk2EPzzjlA

https://www.facebook.com/Prabhateducationfoundation/

https://www.instagram.com/prabhat_education_foundation/

મુબારક હો!

"બાર બાર દિન યે આયે, તુમ જીઓ
હજારો સાલ, સાલ કે દિન હો હજાર
હેપ્પી બર્થ ડે ટૂ યુ,
હેપ્પી બર્થ ડે ટૂ યુ."
પ્રભાત ટીમની જન્મદિન નિમિત્તે ખૂબ-ખૂબ શુભેછા.



$4^{th}$ March, કેશવસર



$30^{th}$ March, કેયુરભાઈ

**અવેરનેસ વર્કશોપ:-** પ્રભાત સંસ્થા અને કોમ્યુનિટી વચ્ચેની કડી એટલે 'આંગણવાડી અને કોમ્યુનિટી વર્કર્સ.' કોઈ પણ સંસ્થા હોય કે પછી ઓર્ગેનાઇઝસન હોય બધા પાસે માર્યાદિત સ્ત્રોતો હોય છે. એટલે સંસ્થા હંમેશા આંગણવાડી અને કોમ્યુનિટી વર્કર્સ સાથે જોડાયેલી રહીને કામ કરતી રહી છે. આ મહિનામાં સંસ્થા દ્વારા આંગણવાડીની લિંક બહેનો અને વર્કર્સ માટે ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું. આંગણવાડીની લિંક બહેનો અને વર્કર્સ કે જેઓ અર્બન હેલ્થ સેન્ટર માટે "ડોર ટુ ડોર" સર્વે કરતા હોય. આવી લિંક બહેનો અને કોમ્યુનિટી વર્કર્સને ડિસેબિલિટી ઓળખ અંગેની પાયાની તાલીમ સંસ્થા દ્વારા આપવામાં આવે છે. આ તાલીમ પરથી લિંક બહેનો અને કોમ્યુનિટી વર્કર્સ સર્વે દરમ્યાન કોઈ વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓને જોઈને ઓળખી શકે અને તેઓને પ્રભાત સંસ્થા અંગેની માહિતી આપી શકે. સંસ્થા દ્વારા લિંક બહેનો અને કોમ્યુનિટી વર્કર્સને દિવ્યાંગ બાળકો/વ્યક્તિઓને મળતી સરકારી સહાય અને યોજના અંગેની જાણકારી પણ આપવામાં આવી હતી.

**સર્વે:-** પ્રભાત સંસ્થાની ટીમે વટવા વોર્ડના નવા વિસ્તારોમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓની ઓળખ માટેનો સર્વે શરુ કરેલ છે. તે સર્વે દરમ્યાન 34 વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓ અંગે સંસ્થાની ટીમને માહિતી મળેલ છે. તેઓને સંસ્થા અંગેની માહિતી આપવામાં આવી, અને સંસ્થા દ્વારા તેઓનું કાઉન્સિલિંગ અને રિહાબિલીટેશન કરવામાં આવશે.

**બુક લોન્ચ:-** રિવરસાઈડના ગ્રેડ 6ના સ્ટુડન્ટસ દ્વારા પ્રભાત અને તેના બાળકો પર એક સરસ કલરફુલ બુક તૈયાર કરવામાં આવી. તે બુકમાં રિવરસાઈડના બાળકોએ પોતાના પ્રભાતના બડી સાથેના અનુભવો શેર કર્યા છે. વટવા સેન્ટર ખાતે ઓનલાઈન મીટિંગના મારફતે સંસ્થાના બાળકોના પેરેન્ટ્સના હસ્તે બુક લોન્ચિંગ કરવામાં આવ્યું.

**વિશેષ થેરાપી:-** પ્રભાતને ફિઝીયોથેરાપી (focussing on Neurological and Psychosomatic disorders) (ન્યુરોલોજીકલ અને સાયકોસોમેટિક ડિસઓર્ડર પર ધ્યાન કેન્દ્રિત કરીને) માં માસ્ટર્સ કરનારા ડો.જૈની દમાની સાથે ભાગીદારી કરવાની તક મળેલ છે. તેના સંશોધનનું ધ્યાનકેન્દ્ર ડાઉન સિન્ડ્રોમવાળા બાળકોમાં સ્થિરતા અને ગતિશીલતાની અસરકારકતા શોધવાનું હતું. તેણે ડાઉન સિન્ડ્રોમ ધરાવતા બાળકોની ચાલવાની ઢબ, શરીરની ગતિ અને બેલેન્સમાં સુધારો કરવા માટે ફિઝીયોથેરાપી અને એક્ટીવીટી કરાવવાની શરૂઆત કરી. તેણીએ પ્રભાતના 45 ડાઉન સિન્ડ્રોમ ધરાવતાં બાળકો સાથે એક મહિનામાં કામ કર્યું. તેણે શરુ કરેલ થેરાપીની વિગતવાર માહિતી વર્ષના અંતે તેના દ્વારા સબમીટ કરવામાં આવશે.

**ડોગ થેરાપી:-** કી ટુ હેપ્પીનેસ સંસ્થા પ્રભાત સાથે જોડાયેલી છે અને બંને સંસ્થા મળીને બાળકોને ડોગ-થેરાપીઆપે છે. ત્યારે કી ટુ હેપ્પીનેસના ૩ ડોગ્સને વાતાવરણથી પરિચિત કરાવા, શિક્ષકો અને પેરેન્ટ્સને થેરાપી આપવાના મુદ્દે સંસ્થાના વટવા સેન્ટર ખાતે લાવવામાં આવ્યા.

**સહાયક સેવાઓ:-** સંસ્થા દ્વારા દર મહિને સરકારી સાધન-સહાયના લાભ વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓને વિનામૂલ્યે પુરા પાડવામાં આવે છે. તેમાં એસ.ટી. પાસ, સાધનો, U.D.I.D. કાર્ડ વગેરે જેવી સહાયના ફોર્મ ઓનલાઈન ભરવામાં આવે છે. જેની વિગત નીચે પ્રમાણે છે:
એસ.ટી. પાસ - 35 ફોર્મ, સાધન-સહાય - 07 ફોર્મ, U.D.I.D. કાર્ડ - 43 ફોર્મ

**મેઈનસ્ટ્રીમ બાળકોને લર્નિંગ:-** મેઈનસ્ટ્રીમ બાળકોને લર્નિંગ સંસ્થાએ નવેમ્બર મહિનાથી પોતાના મેઈનસ્ટ્રીમ બાળકોને સ્કૂલોમાં અઠવાડિયાના એક-એક બોલાવીને જે લર્નિંગ આપવાનું શરુ કર્યું છે તેમાં આ મહિનામાં 3 સ્કૂલોના 20 જેવા મેઈનસ્ટ્રીમ બાળકોનો સમાવેશ થાય છે.

**રસપ્રદ ભાગીદારી:-** મહાત્મા ગાંધી ઈન્ટરનેશનલ સ્કૂલ [માગીશ]ના 12માં ધોરણ વિદ્યાર્થીએ 5નું ઈવેન્ટઆયોજન કર્યું. તે ઈવેન્ટમાં અલગ અલગ કાર્યક્રમો રાખવામાં આવ્યા. જેવા કે, સ્ટેન્ડ-અપ કોમેડી, નાટક, મ્યુઝિક વગેરે. તેણે આ ઈવેન્ટના 'ચેરિટી પાર્ટનર' તરીકે પ્રભાત સંસ્થાને પસંદ કરી છે. આ ઈવેન્ટ દરમ્યાન જે રકમ ભેગી થશે તે પ્રભાત સંસ્થાને ડોનેટ કરવામાં આવશે. આ એક રસપ્રદ વાત છે કે અત્યારની યુવાન પેઢી સમાજના સામાજિક જરૂરિયાતના વલણને સમજતી અને અપનાવતી થઈ છે.

**ચાલો મળીને અભિવાદન કરીએ:-** સંસ્થાના લાંબા સમયના વોલિયન્ટર્સડેનિસઅનેરોબર્ટડેવિસનેશુભેચ્છાપાઠવવા માટે વર્ચ્યુઅલ મીટિંગ ફેબ્રુઆરીમાં યોજવામાં આવી હતી. તેઓ લગભગ 2 વર્ષથી પ્રભાત સંસ્થાનો ભાગ છે. એ મીટિંગ કરવા પાછળનો હેતુ એ હતો કે પ્રભાતની દ્રષ્ટિ વિશેની તેમની સમજણ, તથા ભારત અને અમેરિકામાં વિશેષ જરૂરિયાતવાળા લોકોના જીવનની સમાનતા અને તફાવતોને પણ સમજવું. તે એક અરસપરસની સકારાત્મક મીટિંગ હતી, જ્યાં તેઓએ પ્રભાતની ભૂમિકાઓ અને અમેરિકાના તેમના અનુભવો અંગે ચર્ચા કરી.

**મંથલી અપડેટ**

**મુલાકાત:-** શ્રીમતી ઈલા પટેલ કે જે IRMA ના ભૂતપૂર્વ પ્રોફેસર અને પ્રભાતના સમર્થક છે. તેઓએ લોકડાઉનની અસર અને તેને લગતા ભવિષ્ય અંગેની ચર્ચા માટે સંસ્થાની રજીસ્ટર્ડ ઓફિસની મુલાકાત લીધી હતી. તેમના અનુભવથી સંસ્થાને કોરોના સમયમાં આવેલા પરિવર્તનના આધારે ભવિષ્યની કામગીરી અને લક્ષ્ય બનાવવામાં સરળતા રહેશે. તેઓના જેવા નિષ્ણાત સાથે ચર્ચા કરવાથી સંસ્થાની અને ટીમ મેમ્બર્સની ક્ષમતા વધારવામાં મદદ મળે છે.

**અન્ય માહિતી:-** સંસ્થાના એક શિક્ષક લક્ષ્મીબેન વિશ્વકર્માને વિશાલવીન સંસ્થા દ્વારા "ગાર્ડિયન એંજલ એવોર્ડ" મળ્યો તેની ખુશીમાં વટવા સેન્ટરમાં સંસ્થાના ટીમ મેમ્બર્સને દાલ-બાટીની પાર્ટી આપવામાં આવી.
સંસ્થાના બાળકોને એક ડોનર દ્વારા પુરી, શાક, પુલાવ અને શિરોનું ભોજન જમાડવામાં આવ્યું હતું.


"Kuch Karne ke liye cheeze nahi chahiye, par atam vishwas aur chahat honi chahiye".
- Grade 6, Riverside student

## ફોટો ગેલેરી


ડોગ થેરાપી


ડો. જૈની દ્વારા ફિઝિયોથેરાપી


મુલાકાત પ્રો.ઈલા પટેલની



ગ્રેડ-7ની ગિફ્ટ પ્રભાતને


અવેરનેસ વર્કશોપ


દાલ-બાટી પાર્ટી


અવેરનેસ વર્કશોપ



થિયેટર ઈવેન્ટ



ફ્રૂટ વિતરણ

**Address:** A-4, Sujal Apartment,
Opp. Satellite Bungalows,
Ramdevnagar,
Ahmedabad-380015.

PRABHAT EDUCATION FOUNDATION

**Phone:** +91 - 79 - 4890-3054;
**Mobile:** +91 9825009427
**Email:** prabhat@prabhateducationfoundation.org
**Website:** www.prabhateducationfoundation.org